# શ્રી ડુંગરદાસ લલ્લુભાઈ શાહ મોડાસા એકડા દશા ખડાયતા મેડીકલ રીલીફ સોસાયટી (રજીસ્ટર્ડ)

# સંસ્થાના સંસ્મરણો (અહેવાલ)

## સ્થાપના : સંવત ૨૦૪૨ના ચૈત્ર સુદ-૧૫,તા.૨૪-૪-૧૯૮૬

સને ૧૯૮૩ ના વર્ષમાં શ્રી મોડાસા એકડા દશા ખડાયતા કેળવણી મંડળનો " સુવર્ણ જયંતિ મહોત્સવ" અકલ્પનીય સફળતા સાથે ઉજવાયો હતો, ત્યારે સમાજની એક બહેનની કીડની ટ્રાન્સપલાન્ટેશનના ઓપરેશન અંગે આર્થિક જરૂરિયાત અંગે દાનની અપીલ આવી હતી. ખડાયતા જયોતિની જાહેરાતના માધ્યમથી આ અંગેનું ઘણી મોટી રકમમાં દાન સમાજમાંથી આવ્યું હતું. પણ કમનસીબે તે દરમ્યાન બહેનનું અવસાન થયું. આવી કમનસીબ ઘટનાથી સમાજના કાર્યકતાઓને આઘાત લાગ્યો. આમ એક બાજુ સુવર્ણ મહોત્સવની જવલંત સફળતા તો બીજી બાજુ પૈસા વિના બહેનનું મૃત્યુ. આવા હૃદય દ્રાવક કિસ્સામાંથી પ્રેરણા લઈ સમાજના કાર્યકર્તાઓએ નિશ્ચય કર્યો કે મેડીકલ રીલીફ ફંડ જેવી સંસ્થા ઉભી કરવી.

સમાજનો કોઈપણ વ્યકિત પૈસાના અભાવે મેડીકલ ટ્રીટમેન્ટ મેળવવાથી વંચિત ન રહી જાય તેવી ઉમદા ભાવના સાથે " આશા કિરણ રીલીફ ટ્રસ્ટ " (મેડીકલ રીલીફ) ના નામથી આ સંસ્થા શરૂ કરવામાં આવી. આ સંસ્થાને મુંબઈના ઉદ્યોગપતિ સ્વ.ચંદુલાલ ડુંગરદાસ શાહે તેમના પિતાશ્રીનું નામ આ સંસ્થા સાથે જોડવાની શરતે રૂ. સવા લાખનું દાન આપવાનું જાહેર થતાં " શ્રી ડુંગરદાસ લલ્લુભાઈ શાહ" મોડાસા એકડા દશા ખડાયતા મેડીકલ રીલીફ સોસાયટીની સ્થાપના સને ૧૯૮૬માં કરવામાં આવી. આમ આ સંસ્થાનું બંધારણ રચીને તા.૨૩-૧૧-૧૯૮૬ના રોજ શ્રી કોટીયર્ક મંદિર ખાતે મળેલ સભામાં સંસ્થાના પ્રથમ પ્રમુખ તરીકે મુરબ્બી જ્ઞાતિ શેઠ શ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ શાહની સર્વાનુમતે વરણી કરી. આ સંસ્થાનું બંધારણ ઘડવામાં ત્રણ ધારાશાસ્ત્રીઓ શ્રી પ્રવિણભાઈ નટવરલાલ શાહ - મુંબઈ, શ્રી રસિકલાલ એન.શાહ (એડવોકેટ) અમદાવાદ અને શ્રી મણિભાઈ કોઠારી - મોડાસાનો અગત્યનો ફાળો રહેલ છે. બંધારણને ધ્યાનમા રાખીને આ સંસ્થાનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ. સને ૧૯૮૬ થી શરૂ કરેલ આ સંસ્થાને પ્રથમ વર્ષે દસ જરૂરિયાતમંદોની અરજી માટે રૂ.૭૮૦૧/- ની મદદ કરી હતી. થોડા વર્ષો પછી આ સંસ્થાનું સુકાન મુરબ્બી શ્રી રસિકલાલ નારણદાસ શાહ (એડવોકેટે) સંભાળ્યુ. તેમને એક નવો ઓપ આપી આ સંસ્થાને આગળ ધપાવી સંસ્થાના સ્થાપક પ્રમુખ શેઠશ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ શાહને સંસ્થાના માનનીય મુરબ્બી તરીકે વરણી કરવામાં આવી. ત્યારબાદ શ્રી અમતૃલાલ ડુંગરદાસ શાહ (મુંબઈ) શ્રી ડો.સુરેશચંદ્ર શંકરલાલ શાહ (અમદાવાદ) દ્વારા રૂ.૨૫૦૦૦ની સ્કીમ અમલમાં મુકવામાં આવી. જે સ્કીમ દ્વારા સંસ્થામાં સારુ એવુ ભંડોળ એકત્રિત કરવામાં આવ્યુ. ત્યારપછીના અનુગામી પ્રમુખો શ્રી રસીકલાલ જ્ઞાનચંદદાસ શાહ (હિંમતનગર), શ્રી રસીકલાલ દલસુખદાસ શાહ (મુંબઈ), શ્રી માધવલાલ અંબાલાલ શાહ (અમદાવાદ), ડો.શ્રી મુકુંદભાઈ વિઠ્ઠલદાસ શાહ (મોડાસા) શ્રી ઓચ્છવલાલ લલ્લુદાસ શાહ (મુંબઈ), શ્રી નરેશભાઈ રમણલાલ શાહ (અમદાવાદ), શ્રી રજનીકાંત વિઠ્ઠલદાસ શાહ (ધનસુરા), શ્રી સતીષભાઈ ચુનીલાલ શાહ (મુંબઈ), શ્રી હર્ષદભાઈ ચીમનલાલ શાહ (અમદાવાદ), શ્રી જયેશભાઈ જયંતિલાલ શાહ (હિંમતનગર), શ્રી યોગેશભાઈ ચંદુલાલ શાહ (અમદાવાદ), શ્રી ધીરજલાલ રવચંદદાસ શાહ (અંબરનાથ), શ્રી મનુભાઈ નારણદાસ શાહ (ધનસુરા), તથા હાલના વર્તમાન પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ મોહનલાલ શાહ (અમદાવાદ) કે જેઓએ આ સંસ્થાના ભંડોળમાં સર્વેએ સારો વધારો કર્યો છે.જે હાલમાં સંસ્થાનું ભંડોળ રૂ.૩ કરોડ થવા પામેલ છે. જે રકમ ફીકસ ડીપોઝીટ સ્વરૂપમાં છે. જેના વ્યાજમાંથી જ્ઞાતિબંધુઓને મેડીકલ સહાય પેટે આશરે વાર્ષિક રૂ.૨૪ થી ૨૫ લાખની સહાય ત્રણ મીટીંગો દરમ્યાન અરજદારોને કરવામાં આવેલ છે.

આમ આ સંસ્થા રૂ.૭૮૦૧ થી શરૂ થયેલ વૈદકિય સારવાર હાલમાં રૂ.૨૪ લાખ જેટલી માતબર રકમ વૈદકીય સારવારમાં વહેંચે છે. જે સર્વે દાતાશ્રીઓને આભારી છે. આ શ્રેય

દાતાઓ/શ્રેષ્ઠીઓ તથા સંસ્થાના સર્વે માજી પ્રમુખશ્રીઓ, કે જેઓએ તેમના સમયગાળા દરમ્યાન સંસ્થામાં સારુ એવુ યોગદાન આપી, અને સારૂ એવુ ભંડોળ એકત્રીત કરી આપેલ છે.સંસ્થામાં વર્ષ દરમ્યાન જુન/જુલાઈ, સપ્ટેમ્બર/ઓકટોબર, ફેબ્રુઆરી/માર્ચ આમ ત્રણ કારોબારી મીટીંગો બોલાવવામાં આવે છે. અને આ ત્રણે કારોબારી મીટીંગમાં બજેટ મુજબ વૈદકિય સારવારની રકમની વહેંચણી કરવામાં આવે છે.

વર્ષ-૨૦૧૨માં સંસ્થાનો રજતજયંતિ મહોત્સવ ખુબ જ ધામધૂમથી અને હર્ષોલ્લાસથી તે વખતના પ્રમુખશ્રી જયેશકુમાર જયંતિલાલ શાહના નેજા હેઠળ ૨૫ વર્ષની સ્મૃતિમાં હિંમતનગર મુકામે ઉજવવામાં આવ્યો હતો. હાલમાં સદર સંસ્થામાં કીડની ફંડ, હાર્ટ ફંડ, જનરલ ફંડો, Knee રીપ્લેશમેન્ટ ફંડ, ટ્રોમા ફંડ, ઓર્થોપેડીક ડીસીઝ ફંડ, તથા કેન્સર ફંડ જેવા ફંડ મળેલ છે. અને જે ફંડની રકમનાં વ્યાજમાંથી સદર ફંડને લગતી આવેલ અરજી ને ન્યાય આપવામાં આવે છે.

## શ્રી ડું.લ.શાહ મો.એ.દ.ખ.મેડીકલ રીલીફ સોસાયટી

## કાર્યવાહક મંડળ સને ૨૦૨૧-૨૦૨૩

| | |
|---|---|
| પ્રણેતા : | શ્રી રસિકલાલ નારણદાસ શાહ, (એડવોકેટ) -અમદાવાદ |
| માનનીય મુરબ્બીશ્રી : | સ્વ.શેઠ શ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ શાહ -મોડાસા |
| પ્રમુખ : | શ્રી રાજેન્દ્રભાઈ મોહનલાલ શાહ -અમદાવાદ |
| ઉપપ્રમુખ : | શ્રી પ્રણવકુમાર સુરેશચંદ્ર શાહ - હિંમતનગર |
| | શ્રી પ્રણવકુમાર રમેશચંદ્ર શાહ - અમદાવાદ |
| મેનેજીંગ ટ્રસ્ટીશ્રી | શ્રી મુકેશકુમાર શંકરલાલ શાહ - જીતપુર |
| | શ્રી યોગેશકુમાર ચંદુલાલ શાહ - અમદાવાદ |
| | શ્રી કૃષ્ણકાંત કોદરદાસ શાહ - અમદાવાદ |
| | શ્રી ધીરજલાલ રવચંદદાસ શાહ - અંબરનાથ |
| માનદ્ મંત્રીશ્રી : | શ્રી અરવિંદકુમાર જગજીવનદાસ શાહ - ધનસુરા |
| | શ્રી કલ્પેશકુમાર ધીરજલાલ શાહ - અંબરનાથ |
| | શ્રી રાકેશકુમાર કીરીટભાઈ શાહ - અમદાવાદ. |
| | શ્રી નિલેષકુમાર ગુણવંતલાલ શાહ - અમદાવાદ. |

આમ આ રીતે સંસ્થાનું ઓફીસ બેરર સંસ્થાનો સુઘડ, સ્વચ્છ,અને સારા વહીવટીનું સંચાલન કરી રહેલ છે.